ગાંધીનગર સમાચાર

તા. ૭-૫-૨૦૧૪, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### રામના શરણે જવાની મજબૂરી

ચૂંટણીના છેલ્લા બે તબક્કા બાકી રહ્યા છે ત્યારે ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવારે અત્યાર લગી એમના ભાથામાં છુપાવી રાખેલું ‘રામ’ નામનું બ્રહ્માસ્ત્ર છોડીને તળ ઉત્તરપ્રદેશના મતદારોને સ્પષ્ટ સંકેત આપી દીધો છે કે અને રામને ભૂલ્યા નથી. ભલે રામમંદિરની ચર્ચા ન કરીએ પણ વિકાસના મુદ્દા ઉપરાંત રામના નામે મત મળી શકતા હોય તો અમને એ જોઈએ જ છે. ફૈઝાબાદની ચૂંટણીસભામાં મોદીએ ગાંધીજી અને રામ- બેઉને સાથે સાંકળીને રાષ્ટ્રપિતાના રામરાજયનું સપનું સાકાર કરવાના સોગંધ ખાધા. એમના સમગ્ર ભાષણમાં અડવાણીના નેતૃત્વમાં અને ખુદ નરેન્દ્ર મોદીના સંયોજન હેઠળ નીકળેલી રથયાત્રા વખતનું પેલું સૂત્ર આડકતરી રીતે પડઘાતું વરતાયું : ‘સૌગંધ રામ કી ખાતે હૈ હમ મંદિર વહીં બનાયેગેં..’ રામજન્મભૂમિના મુદ્દાથી સલામત અંતર જાળવી વિકાસના રાજકારણને જ કેન્દ્રમાં રાખતા મોદીના મંચ પર ફૈઝાબાદ (અયોધ્યા)માં રામચંદ્રજીની અને પ્રસ્તાવિત રામમંદિરના મોડેલની છબી સૂચક છે. અલબત્ત, ભાજપે એના ચૂંટણી ઢંઢેરામાં કાનૂનની મર્યાદામાં રહી અયોધ્યામાં રામજન્મભૂમિ પર ભવ્ય રામમંદિર બાંધવાનું વચન આપી જ રાખ્યું છે પરંતુ વ્યૂહાત્મક દૃષ્ટિએ ધર્મનું રાજકારણ છંછેડયા વગર ‘વિકાસ’ના નામે જ પ્રચાર કરવામાં શાણપણ વરતાતાં હિંદુત્વના હીરો તરીકે દુનિયા આખીમાં પંકાયેલા ગુજરાતના મુખ્યમંત્રીએ રામ જન્મભૂમિનાં દર્શન સુધ્ધાં ટાળ્યાં હતાં. એમના જમણા હાથ ગણાતા રાજયના પૂર્વ ગૃહરાજય મંત્રી અમિત શાહે, જો કે ઉત્તર પ્રદેશનો હવાલો સંભાળતાં પહેલા રામલલાનાં દર્શન કરી પાર્ટીના ધર્મલક્ષી અભિગમનો સ્પષ્ટ સંદેશ આપી દીધો હતો. નરેન્દ્ર મોદીએ અત્યાર સુધી ગુજરાતના વિકાસ મોડલ, મોંઘવારી, ભ્રષ્ટાચાર અને મા-બેટાની સરકાર કે પછી સરહદ સલામતી, આતંકવાદ અને નકસલવાદ જેવા મુદ્દાઓ જ ચર્ચવાનું ઉચિત લેખ્યું હતું; બેકારી હલ કરવા માટે પોતાની પાસે અલાદીનનો ચિરાગ હોય, એવી વાતો હાંકયે રાખી હતી અને પંથ નિરપેક્ષ રાજકારણમાં ‘સૌનો સાથ, સૌનો વિકાસ’નો સર્વગ્રાહી અભિગમ ધરાવતા હોવાની રજૂઆત કરી હતી. એમને ‘ચા વાળા’ કહીને વિરોધીઓએ ગરીબોના પ્રતિનિધિ હોવાનું હથિયાર તો સામે ચાલીને બઝાડી દીધું હતું, એનો પણ એમણે કુનેહપૂર્વક દેશભરમાં ફરી ફરીને લાભ લેવા કોશિશ કરી છે. હકીકત તો એ છે કે ભારતીય જનતા પાર્ટી એ જમણેરી અર્થતંત્ર- મૂડીવાદમાં વિશ્વાસ ધરાવતો પક્ષ છે. પ્રજામાં પણ એની આજ લગી ઊજળિયાત, સુખી-સંપન્ન વર્ગોનાં હિતો જાળવતા પક્ષ તરીકેની જ છાપ છે. ઉત્તરપ્રદેશ અને બિહાર જેવાં હિંદીભાષી રાજયોમાં ગીરબો, પછાત જાતિઓ અને મુસલમાનોની પ્રચંડ બહુમતી છે. અહીં ધર્મનું કાર્ડ ખેલવા જતાં ભારતીય જનતા પાર્ટી વજૂદ ન ગુમાવી બેસે, એની ફિકર પણ એના વ્યૂહરચનાકારોને સતાવતી રહે છે. એથી નરેન્દ્ર મોદીએ ભારતીય જનતા પાર્ટીની પ્રસ્થાપિત છબીને નખશિખ બદલી નાખીને પોતે ગરીબોના તારણહાર અને મુસલમાનોના સાચા હિતચિંતક હોવાની રજૂઆત કર્યે રાખી તથા ‘રાજવંશી’ નહેરુ-ગાંધી પરિવારે દેશને આઝાદી પછીનાં સાઠ વરસ લગી સતત ‘લૂંટ્યો’ હોવાની થિયરી ચલાવ્યે રાખી. પોતે અતિવિનમ્ર લોકસેવક તરીકે ગંગાજીનું તેડું આવતાં દેશને બેહાલીમાંથી બહાર કાઢવા આવ્યા હોવાની એમની વાત કેટલા લોકને ગળે ઊતરી હશે તે તો પરિણામો પછી સમજાશે, પરંતુ એમના વાકચાતુર્ય અને મીડિયા મેનેજમેન્ટ તથા ભરચક રેલીઓ મારફત એક હવા જરૂર ઊભી થઈ શકી છે. એ સાચું કે યુપીએ સરકાર વિરુદ્ધ સારુ એવું એન્ટી-ઈન્કમ્બન્સી મોજું સરજાયું છે, પરંતુ પ્રાદેશિક પક્ષોમાં શ્રદ્ધા ધરાવતી ઉત્તરપ્રદેશ, બિહાર કે પશ્ચિમ બંગાળની પ્રજાને રાતોરાત ભાજપ તરફે ફેરવવામાં કેટલે અંશે સફળ થવાશે એ મુદ્દે તો ખુદ નરેન્દ્ર મોદી પણ કેટલા આશ્વસ્ત હશે તે કહેવું મુશ્કેલ છે...



૨૫ થી ૨૭ એપ્રિલ દરમ્યાન હરીદ્વાર ખાતે યોજાયેલ નેશનલ ઈન્ટર ડીસ્ટ્રીક્ટ જુનિયર એથ્લેટીક્સ મીટમાં પેથાપુર ગામની શેઠ મનસુખભાઈ ભગુભાઈ મેમોરીયલ ટ્રસ્ટ સંચાલિત માધ્યમિક ઉચ્ચત્તર શાળાના ૧૬ વર્ષથી નીચેની વયના ઘુટુઝ અલાફાજ, વાઘેલા યુવરાજસીંગ, ડાભી ભાવીક, વાઘેલા યુવરાજસીંઘ, લખવારા રાજેન્દ્ર, પંચાલ ઉમેશ, લખવારા ગોપાલ, વાઘેલા મહીપાલસીંગ, વાઘેલા અનીલસીંગ, સેનવા ભૌમિક ૧૦૦ મી. દોડ, શોટપુટ, લોંગજંપ, હાઈજંપમાં પસંદગી પામ્યા હતા. શાળા ટ્રસ્ટી પરીવાર અને આચાર્યા ભાવનાબેન પટેલ વિદ્યાર્થીઓની આ સિદ્ધિને બીરદાવી હતી. આ તમામ વિદ્યાર્થીઓને તેમના કોચ વિરેન્દ્રસિંઘ રાજપુતનું માર્ગદર્શન મળ્યું હતું. જિલ્લામાંથી પસંદગી પામનાર પેથાપુર ગામના આ બાળકોએ અભ્યાસ સાથે રમત પ્રત્યેની રૂચિ અને લગાવને સમાજ સમક્ષ મુકી સફળતાનુ ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

## હરિની દૃષ્ટિ...




આ એલીયન પણ બોલવા મંડ્યા છે, અબ કી બાર... !!



## ગુજરાત સુથાર સમાજનું સંમેલન યોજાયું

સમગ્ર ગુજરાત સુથાર સમાજના મેવાડા, ગજ્જર, વૈશ્ય અને પંચોલી સુથાર જ્ઞાતિજનોનું ૨૦મુ રાજ્યસ્તરીય વાર્ષિક સંમેલન યોજવામાં આવ્યું હતું. સંમેલનમાં તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન, સમાજના વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન અને વાર્ષિક સાધારણ સભા યોજવામાં આવી હતી. કાર્યક્રમનો શુભારંભ દિનેશભાઈ સુથારે દિપ પ્રગટાવી કર્યો હતો. આ પ્રસંગે દિનેશભાઈ મિસ્ત્રી, ડૉ. અંબુભાઈ ગજ્જર, અરવિંદભાઈ સુથાર, ડાહ્યાભાઈ ગજ્જર, એડવોકેટ અતુલભાઈ મિસ્ત્રી, ટી.એ. ગજ્જર, ભરત સુથાર, હિતેશ મિસ્ત્રી અને રમેશ મિસ્ત્રી સહિત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજકેટ : સેન્ટરોને સીસીટીવી કેમેરાથી સુસજ્જ કરી દેવાયા

### કેટલાક પસંદગીના સેન્ટરોની પરીક્ષાનું ટેબલેટના માધ્યમે લાઈવ ટેલીકાસ્ટ કરવામાં આવે તેવી પણ સંભાવના છે

અમદાવાદ, તા.૦૬

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી મેડીકલ અને પેરામેડીકલ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ફરજીયાત એવી ગુજકેટની પરીક્ષા તા. ૯મી મે ના રોજ લેવામાં આવનાર છે, ત્યારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષાની તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. આ વખતે ખાસ દરેક પરીક્ષા સેન્ટરો પર સીસીટીવી કેમેરા લગાવવાનો નિર્ણય કરાયો છે તેમજ કેટલાક પસંદગીના સેન્ટરોની પરીક્ષાનું ટેબલેટ માધ્યમે લાઈવ ટેલીકાસ્ટ કરવામાં આવે તેવી પણ શક્યતા છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા. ૮મી મે ના રોજ સવારે ૧૧ થી ૨ કલાક દરમિયાન ગુજકેટની પરીક્ષા યોજવાની છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી મેડીકલ અને પેરામેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે ફરજીયાત એવી આ ગુજકેટની પરીક્ષામાં બોર્ડ દ્વારા ફિઝિક્સ, કેમીસ્ટ્રી અને બાયોલોજી વિષય પર આધારીત પ્રશ્નો પૂછવાનાં છે. આ પરીક્ષા માટેની તમામ તૈયારીઓને શિક્ષણ બોર્ડ દ્વારા આખરી ઓપ આપવામાં આવ્યો છે. બોર્ડની યાદીમાં જણાવ્યા મુજબ રાજ્યનાં ૩૩ જિલ્લા મથકો સહીત કુલ ૩૪ સ્થળોએ આ ફરીક્ષા લેવામાં આવનાર છે. જે અંતર્ગત દરેક પરીક્ષા સેન્ટર ખાતે વિદ્યાર્થીઓને બેઠક વ્યવસ્થાની ફાળવણી કરવાની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે. ગુજકેટની પરીક્ષામાં ગેરરીતી રોકવા માટે આ વખતે ખાસ પરીક્ષા સેન્ટરો પર સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યો છે. આ ઉપરાંત મામ કેન્દ્રો પર વિડીયોગ્રાફી કરવાનો નિર્ણય કરાયો છે. તમામ કેન્દ્રો પર કલાસ વન અધિકારી સુપરવિઝન કરશે. આ ઉપરાંત પરીક્ષા કેન્દ્રો પર ચુસ્ત બંદોબસ્તના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓને તકલીફ ન પડે તે માટે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે સવારે ૮ થી રાત્રીના ૮ વાગ્યા સુધી કંટ્રોલરૂમ શરૂ કરાશે. ઉલ્લેખનીય છે કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૩ અને ૪ નાં અભ્યાસક્રમ પર આધારીત ૧૨૦ બહુવિકલ્પીય પ્રશ્નો ધરાવતું પ્રશ્નપત્ર ઓએમઆર પદ્ધતિ મુજબ પુછવામાં આવશે.

## ખરાબ રિઝલ્ટ બાદ વિદ્યાર્થીની આત્મહત્યા : પોલીસની તપાસ

અમદાવાદ, તા.૦૬

પરીક્ષામાં ખરાબ પરીણામને કારણે વિદ્યાર્થીઓની આત્મહત્યાના બનાવની યાદીમાં વધુ એક ઘટનાનો ઉમેરો થયો છે. અમદાવાદના ગુલબાઈ ટેકરા વિસ્તારમાં આવેલ પુર્ણેશ્વરી ફ્લેટમાં રહેતા એક વિદ્યાર્થીએ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. વિદ્યાર્થીને એન્જીનીયરીંગના પહેલા સેમેસ્ટરમાં એટીકેટી આવતા હતાશામાં આ પગલું ભર્યું છે.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજનો ધાર્મિક રમેશકુમાર જોષી નામનો વિદ્યાર્થી અમદાવાદ ગુલબાઈ ટેકરાના પુર્ણેશ્વરી ફ્લેટમાં પોતાના નાના-નાની સાથે રહેતો હતો. ધાર્મિક સરખેજની એલજે એન્જીનીયરીંગ સેમેસ્ટરમાં અભ્યાસ કરતો હતો. જો કે અભ્યાસ દરમિયાન ધાર્મિકને મિકેનીકલ એન્જીનીયરીંગના પ્રથમ સેમેસ્ટરમાં બે વિષયોમાં એટીકેટી આવી હતી. જેના બાદ ધાર્મિક લાંબા સમયથી ઉદાસ રહેતો હતો. તાજેતરમાં તેના નાના-નાની હરિદ્વાર યાત્રા માટે ગયા છે ત્યારે એકલતાનો લાભ લઈ ધાર્મિકે ગત રાત્રે પુર્ણેશ્વરી એપાર્ટમેન્ટમાં દરવાજાના હુકમાં કપડું બાંધી ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે તેમનાં સંબંધી રાજેન્દ્રભાઈને જાણ થતાં તેમણે યુનિવર્સિટી પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં યુનિવર્સિટી પોલીસે ઘટનાસ્થળે પહોંચી આત્મહત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારના ભાર વિનાના ભણતરનાં દાવાઓ વચ્ચે છેલ્લા કેટલાક સમયથી પરીક્ષામાં નિષ્ફળતાના કારણે આત્મહત્યાના બનાવો વધી રહ્યા છે. એકલ અમદાવાદમાં જ છેલ્લા એક મહીનામાં પરીક્ષામાં નિષ્ફળતાના કારણે અથવા નિષ્ફળતાના ડરથી આત્મ હત્યાનો આ ચોથો બનાવ સામે આવ્યો છે.

## ગાંધીનગરમાં સેનવા-રાવત સમાજનો તેરમો સમૂહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘ દ્વારા તા. ૧૨મી મેના રોજ સેક્ટર-૧૭માં આવેલ ટાઉનહોલ સામેના મેદાનમાં તેરમા સમૂહલગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમૂહ લગ્નોત્સવમાં ભારતીય જનતા પાર્ટીના પૂર્વ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરૂષોત્તમ રૂપાલા અને સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી રમણલાલ વોરા ઉપસ્થિત રહેશે. આ સમારોહમાં પ્રજાપિતા બ્રહ્માકુમારીઝના પૂ. કૈલાશ દીદી તેમના આશિર્વચન આપવા ઉપસ્થિત રહેનાર છે.

ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘ દ્વારા આયોજિત તેરમા સમૂહ લગ્નોત્સવમાં કુલ ૨૧ નવ દંપતિઓ પ્રભુતામાં પગલા પાડશે. આ લગ્નોત્સવનું ઉદ્ઘાટન ભાજપના પૂર્વ રાષ્ટીય અધ્યક્ષ પુરૂષોત્તમ રૂપાલાના હસ્તે કરાશે. આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી રમણલાલ વોરા અને પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ વિશ્વવિદ્યાલયના પૂ. કૈલાશદીદી ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે ઝાંઝરકાના સંત સવૈયા સ્થાન શંભુપ્રસાદ બાપુ, સિદ્ધપુર રાવત રામજી મંદિરના મહંત પ્રકાશબાપુ અને કૈયલના મેલડીધામના પૂ. રમણ જયમાડી પણ ઉપસ્થિત રહેશે આ ઉપરાંત અમદાવાદના સંસદસભ્ય ડૉ. કિરીટભાઈ સોલંકી, દસક્રોઈના ધારાસભ્ય બાબુભાઈ જે. પટેલ અને ગાંધીનગર મનપાના મેયર મહેન્દ્રસિંહ રાણા સહિત અનેક મહાનુભાવો હાજર રહી નવદંપતિઓને આશિર્વાદ આપશે.

આ સમૂહ લગ્નોત્સવમાં સેનવા-રાવત સમાજના ભજનીકો, સંગીત અને કલાક્ષેત્રના નામાંકિત કલાકારો બાબુભાઈ ભાલકીયા, મનુભાઈ રાવત, રમેશભાઈ રમકડુ અને બાળ કલાકાર નિખીલ રાવત દ્વારા લગ્નગીતો તથા હાસ્યરસનો કાર્યક્રમ રજુ કરવામાં આવશે. આ સમુહલગ્નોત્સવમાં સેનવા-રાવત સમાજના સભ્યો મોટી સંખ્યામાં ઉમટી પડશે.

## શિલા કી જવાની... બિડી જલાઈ લે... જેવા ધમાલ ગીતો સાથે સુનિધી ચૌહાણની ધૂમ મચાલે ધૂમ...!!!

‘ધૂમ-૩’નું ની મે કમલી કમલીના ડાન્સ પર કેટરીના કૅફને નચાવવા જે પ્લે બૅક આપીને ધૂમ મચાવેલી એ સુનિધી ચૌહાણે ૨૦૦૦ની વર્ષમાં ‘રૂકી રૂકી સી જિંદગી ઝટ સે ચલ પડી..’ એવું ‘મસ્ત’ ફિલ્મમાં મસ્તીથી ગાયું અને એ વર્ષનો શ્રેષ્ઠ નવોદિત ફિમેલ ગાયકનો એવોર્ડ મેળવ્યો.. બસ પછી, તો દર વર્ષના ફિલ્મફેર એવોર્ડમાં એનું કોઈને કોઈ ગીત અવશ્ય નૉમિનેશન પામેજ છે.. જ્યારે ગાંધીનગરમાં સુનિધી ચૌહાણ કલ્ચરલ ફૉરમના કાર્યક્રમ માટે આવે છે ત્યારથી યંગસ્ટર્સમાં રીતસરનો ક્રેઝ છવાયો હતો. નવરાત્રીની જેમ કલ્ચરલ ફૉરમનું ગરબા ગ્રાઉન્ડ ખેલૈયાઓથી પેક હોય છે, એમ જ સુનિધીના પાવકપેક પરફોર્મન્સ વખતેય થયું અને એણે પણ ‘ધુમ મચાલે ધુમ..’ કરાવી ધમાલ કરાવી દીધી..

ગાંધીનગર કલ્ચરલ ફૉરમનો આજે ૨૦મો જન્મ દિવસ હતો અને આ પ્રસંગે કાર્યક્રમના પ્રાયોજક અને સદાય સહયોગી એવાં એ.બી.

ચાર્જ થઈ ગયું..

‘ધી મોસ્ટ વર્સેટાઈલ સિંગર ટૂડે’ જેવી સુનિધી ચૌહાણનું નામ અનાઉન્સ થતાં જ જોરદાર ચિચિયારીઓ શરૂ થઈ ગઈ અને એણેય ‘ધુમ મચાલે, ધુમ મચાલે ધુમ..’ જોરદાર એન્ટ્રી કરી.. ‘હીરોઈન’નું યુવાનોને ગમી ગયેલું ‘નૉટી નૉટી યે કહાની, યે હલકટ જવાની..’ અને પાછળ જ ‘ડર્ટી ’પિકચરનું ‘તેરે વાસ્તે મેરા ઈશ્ક સુફિયાણા, મેરા ઈશ્ક સુફિયાણાં..’, ‘એકથી ડાયન’નું ‘હમ ચીઝ હે બડી કામકી જાનમ..’ અને ‘કેશ’નું ‘યુ માઈન્ડ બ્લૉઈગ માહિયાં, તું

‘દોસ્તાના’નું ‘દેખ લખ લખ પરદેશી ગર્લ, માય દેસી ગર્લ’ માં ‘યુ રૉક વુમન’ કહી છોકરીઓને ઉભી કરીને નચાવી, બંને ગીતોનું પાવરપેક પરફોર્મન્સ રહ્યું.

‘આશિકી-૨’ સાથે ‘અપને કરમ કી કર અદાયેં યારા, મુજકો દે ઈરાદે, કસ્મે દે, વાદેં દે, કરદે ઈધરભી તું નિગાહેં, સુન રહા હૈ ના તું, કયું રો રહા હું મેં..’, ‘દેસી બૉયઝ’નું ‘સુબહ હોને ના દે, રાત સોનેના દે..’, ‘રેસ-૨’ ‘દિલ બડા બેઈમાન, મુઝે તો તેરી લત લગ ગઈ, રોકું જીતના બગાવત હો, તું કિતની તલબ હો ગઈ...’ એકબાદ છેલ્લા ૧૦ વર્ષનાં ટેનમાં સામેલ હોય

સુનિધીના જે બે ગીતોએ ધૂમ મચાવેલી, ફિલ્મોને સફળ બનાવી, હિરોઈનોને ફેમસ બનાવી અને પોતાને ત્રણ-ત્રણ ફિલ્મફેર એવોર્ડ અપાવનારાં ગીતો રજૂ કર્યા.. ‘તીસ મારખાં’નું ‘માય નેમ ઈઝ શિલા, શિલા કી જવાની..’માં ઑડિયન્સમાંથી શિલાની બૂમો પડાવી અને ‘ઓમકારા’નું ટૉપ ગીત ‘બિડી જલાઈ લે જીગરસે પિયા, જીગરમાં પડી આગ હૈ...’ જસ્ટ રૉકીંગ એન્ડ ધમાલ ગીતો સાથે ગાંધીનગરનાં યુવાનોને બે કલાકનું ઘેલું લગાડી સુનિધી બાય.. બાય.. કરી ગઈ...

સુનિધી ચૌહાણનું ‘રબને બનાદી જોડી..’નું ‘કોઈ ડાન્સ પે ચાન્સ માર લે..’, ખાખીનું ‘ઐસા જાદૂ ડાલા રે...’, ધુમ-૨નું ‘ક્રેઝી કીયા રે..’, મિશન કશ્મિરનું ‘ભુમરો ભુમરો..’, ગુજારીશનું ‘ઊડી..’, આચા નચ લે ’નું ટાયટલ સોંગ... ચમેલીનું ‘ભાગે રે મન કહી..’ , એતરાઝનું ‘ગીલા ગીલા દિલ ગીલા ગીલા...’,પહેલી નું ‘કૈસી પહેલી જિંદગાની..’, મેરે બ્રધર કી દુલ્હનનું

## ગાંધીનગર કલ્ચરલ ફૉરમના ૨૦ વર્ષના જન્મદિવસની ભેટ રૂપે એક અદ્ભુત બૂકે એ.બી.જ્વેલર્સના મનોજ સોનીએ ભેટ આપ્યો : સ્કૂલ ઑફ એક્ટિંગથી પોરસાયેલી કલ્ચરલ ફૉરમ આ વર્ષથી સ્કૂલ ઑફ ડાન્સિંગના નવાં નજરાણાની ગાંધીનગર સુવર્ણ જયંતિ પ્રસંગે ભેટ ધરી..

જ્વેલર્સના મનોજ સોનીએ એક અદ્ભુત બૂકે અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાને અર્પણ કરી એમના લાગણી જતાવી કે આવાં જ સુંદર કાર્યક્રમ અહીં યોજાતાં રહે.. હજુ ગયાં વર્ષે ‘સ્કૂલ ઑફ એકિટંગ’ શરૂ કરવી શહેરનાં ઉગતા કલાકારોને પ્લેટફોર્મ પૂરું પાડનારી કલ્ચરલ ફૉરમે આ વખતે ગાંધીનગર સુવર્ણ જયંતિના પ્રસંગે ‘સ્કૂલ ઑફ ડાન્સિંગ’ અને એપ્લાઈડ આર્ટસના વિવિધ કોર્સનાં નવા નઝરાણાની શહેરને ભેટ આપી, એકબીજાને પુરક બનીએ અને દર વર્ષે આવાંજ ધમાકેદાર કાર્યક્રમ સૌને આપવાની ખાત્રી પ્રમુખ કૃષ્ણકાન્ત જહાએ આપી હતી.




એન્ટરટેઈનમેન્ટ, ફૅશન અને ફૂડ ઈન્ડસ્ટ્રીને ધમધમતી રાખવામાં ગુજરાતીઓનું યોગદાન છે અને એમાંય ફિલ્મના રસિયા આપણે ત્યાં વધુ છે.. ઈન્ડિયન આયડૉલ-૫ના રનર્સઅપ રહેલા રાકેશ નેને એ ‘આશિકી-૨’ના ‘હમ તેરે બીન અબ રહ નહીં શકતે, તેરે બીના કયા વજૂદ મેરા..’થી કાર્યક્રમનું ઑપનિંગ કર્યું. ‘ફટા પૉસ્ટર નિકલા હીરો’નું ગાજેલું ગીત ‘બીડી પીકે નુક્કડ પે વેઈટ તેરા કિયા રે..., ઠંડી આહે ભરલી બહોત, અચ્છી બાતે કરી બહોંત, અબ કરુંગા ગંદી બાત..’ અને આર. રાજુકમારનું ‘સાડી સે ફૉલસા કભી મેચ કિયા રે...’ ત્રણ ગીતનાં સળંગ પરફોર્મન્સથી ઑડિયન્સ

કહે તો મેં સુનુ, સપને મેં બુનુ..’ અને આ ગીતની અંદર જ ‘ઓઢણી ઓઢું ઓઢુંને ઉડી જાય..’ યુ માય માઈન્ડ બ્લોઈંગ સાથે તો સુનિધી રીતસર જાદૂ કરી ગઈ..


દિલ્હીના મંદિરમાં માત્ર ચાર વર્ષની વયે પ્રથમ પરફોર્મન્સ કરનારી સુનિધી ૧૪ ઑગસ્ટ ૧૯૮૩નો જન્મ અને ‘શસ્ત્ર’ ફિલ્મનું લડકી દિવાની ગીત અગિયારમાં વર્ષે જ ગાયેલું.. ‘મેરી આવાઝ સુનો..’ના ટીવી શૉમાં ૧૪માં વર્ષે વિજેતા થયેલી સુનિધીએ પછી તો પાછુ વળીને જોયું જ નથી. એ જ અરસામાં ‘સારેગામા’ કાર્યક્રમમાં સોનુ નિગમની સાથે ચમકેલી સુનિધી ચૌહાણે માત્ર ૧૦ વર્ષની કારકિર્દીમાં બે હજારથી વધુ ગીતો ગાયાં છે.. અત્યારે હાર્ડ એન્ડ હિટીંગ સોંગ માટે સુનિધી ફર્સ્ટ ચૉઈસ છે. સળંગ ચૌદ વર્ષથી ફિલ્મફેર એવોર્ડનાં નૉમિનેશનમાં નામ આવે છે એને બિડી, શિલા, ધુમ માટે એવોર્ડ મળી ચૂક્યા છે..




આશા ભોંસલેનાં મોર્ડન વર્ઝન જેવી સુનિધીએ ‘બેન્ડ બાજા બારાત’નું ‘યે મેં યેવી યેવી લૂંટ ગયાં..’ આ ગીતમાં પ્રેક્ષકો પાસેથી સીટીઓ મરાવી...

એવાં ગીતો વાગવાં લાગ્યાં..

રૉકિંગ સુનિધીએ ‘દમ મારો દમ..’નું ‘કભી નહીં મિલી નહીં, કહી તો મેં ઐસા કોઈ, યે યહાં કૈસી હવા, તેરી લીયે સુનોના દિલ મેરા સુનોનાં સાથે જ ‘મર્ડર-૨’નું ‘ખામોશીયા ધડકનો મેં જાને કયાં હોતી હૈ..’ અને પછી તો યુવાનો જે ગીત પર નાચવા મજબૂર બન્યાં ‘ધુમ-૩’નું ‘દિલયે માહિયે જાનમ, તેરે કરીએ ના વિરાનમ, યે મે કમલી કમલી’નું સુનિધીનું જોરદાર પરફોર્મન્સ રહ્યું, આ ગીતનો પરસેવો સુકાય એ પહેલા ‘સ્ટુડન્ટ ઑફ ધ યર’નું ‘ડિસ્કો દિવાને, હા હા નશીલી યે રાત, નામે ગાયે સાથ’ ઔર જામી ગયું..



‘ઈશ્કજાદે’નું ‘હુઆ છોકરા જવાં રે, હાય તેરી યે મેં ગયા ફિદા, હોનાના દૂર મુજસે તું જુદા..’ નશીલા ગીતની સાથે ‘યે જવાની હૈ દિવાની’નું તોફાની ગીત ‘તેરે લીયે હીતો આ તોડતોડકે, તું તો મજનું આયા દિલ્હી વાલી ગર્લ જોડજાડકે, બંને ગીતો યુવાનોને અત્યંત ગમી ગયા..

‘ઢુલકી ઢુલકી..’, અકસરનું ‘લાગી લાગી પ્રેમ ધૂન લાગી..’, બિલ્લુ બાર્બર!નું ‘મરજાણી મરજાણી...’ જેવાં અસંખ્ય લોકજીભે ચઢેલા અને મનમાં રમતાં ગીતો સાંભળવાની ઈચ્છા મનમાં જ રહી ગઈ..

શ્રેષ્ઠ પ્લે-બૅક સિંગરનો દાદા સાહેબ ફાળકે એવોર્ડ મેળવનારી સુનિધીનો બે કલાકનું પાવરપેક પરફોર્મન્સ ગાંધીનગરના પ્રેક્ષકોને લાંબો સમય યાદ રહી જશે.. કાર્યક્રમનાં એન્કરે ગાંધીનગરને અમદાવાદ બનાવતાં પ્રેક્ષકોએ ધ્યાન દોરીને એને સુધારી લીધો એમ જ જયારે એણે અહીં અઢી હજાર પ્રેક્ષકો છે એવું કીધું ત્યારે કોઈકે એનું ધ્યાન દોરી અહીં સાત હજારથી વધુ સુનિધીનાં ચાહકો ઉપસ્થિત છે કહી દેવાની જરૂર હતી. શાર્પ બે કલાકના ટકોરે કાર્યક્રમ સમાપ્ત કરતાં કેટલાંય પ્રેક્ષકો સુનિધીની આ હરકતથી હેબતાયાં હતાં, એટલીસ્ટ ‘ગુડ બાય’ તો કરવું હતું...

ગાંધીનગર કલ્ચરલ ફૉરમનો ગ્રીષ્મોત્સવ, ૨૦ વર્ષનો બર્થ ડે, ‘મન મોર બની થનગાટ કરે...’ સાથે ઓસમાણ મીર, વર્સેટાઈલ સુનિધી અને અઢળક ચાહકો, વેકેશનની મસ્ત ભેટ માટે અનેક અભિનંદન....

## દેસી ગર્લ... માઈન્ડ બ્લોઈંગ માહિયાં...ની મેં કમલી કમલી.. ડિસ્કો દિવાને... જેવાં દિલધડક ગીતો અને પાવર પેક પરર્ફોમન્સથી સનિધી ચૌહાણે સતત બે કલાક સ્ટેજને થીરકતું રાખી યુવાનોને નવા ગીતોની મનગમતી અને પૉપ્યુલર ધૂનો પર નચાવ્યાં